Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
Volume-13, Issue-3, December-2019
Impact Factor:4.081
www.researchguru.net

# ઉચ્ચતર માધ્યમિક શાળાના ધોરણ-11 વિદ્યાર્થીઓની જાતિ, કૌટુંબિક પ્રકાર અને શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં માનસિક સ્વાસ્થ્ય

Mental Health in the reference of Gender, Family Type and Academic Achievement of Higher Secondary School Students

**Shah Jalpa R.**
Ph.D. Research Scholar, Department of Education, Gujarat Vidyapith,Ahmedabad

***સારાંશ***

*પ્રસ્તુત સંશોધનપત્રનો મુખ્ય ઉદ્દેશ ઉચ્ચતર માધ્યમિક શાળાના ગુજરાતી માધ્યમના ધોરણ-11ના વિદ્યાર્થીઓની જાતિ, કૌટુંબિક પ્રકાર અને શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં માનસિક સ્વાસ્થ્યની તપાસ કરવાનો હતો. નિદર્શ તરીકે ગુજરાત રાજ્યના અમદાવાદ જિલ્લાના ધોરણ-11ના 741 વિદ્યાર્થીઓની સ્તરિકૃત ઝૂમખા નિદર્શ પ્રયુક્તિ દ્વારા પસંદગી કરવામાં આવી હતી. સર્વેક્ષણ પદ્ધિ અંતર્ગત માહિતી એકત્રીકરણ માટે વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્યની તપાસ કરવા સંશોધક દ્વારા પુરોહિત (2010) દ્વારા રચિત અને પ્રમાણિત 'માનસિક સ્વાસ્થ્ય માપદંડ'નો ઉપયોગ કરવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિના માપન માટે ધોરણ-11ના વિદ્યાર્થીઓનું ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલ ધોરણ-10નું પરિણામ ધ્યાનમાં લેવામાં આવ્યું હતું. પ્રસ્તુત સંશોધનના તારણોમાં માનસિક સ્વાસ્થ્ય અને શૈક્ષણિક સિદ્ધિ વચ્ચે હકારાત્મક સંબંધ જોવા મળ્યો હતો. કન્યા અને કુમાર વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્યમાં સમાનતા જોવા મળી હતી અને સંયુક્ત અને મૂળ કુટુંબના વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્યમાં સામ્યતા જોવા મળી હતી.*

***ચાવીરૂપ શબ્દો:*** *કૌટુંબિક પ્રકાર, સામાજિક સંવર્ગ માનસિક સ્વાસ્થ્ય અને શૈક્ષણિક સિદ્ધિ*

## • પ્રસ્તાવના

વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સાથે ઘણા ચલો સંકળાયેલો છે. જેમાં કેટલાક સકારાત્મક તો કેટલાક નકારાત્મક રીતે સંબંધિત છે. આ ચલોમાં વિદ્યાર્થીનું માનસિક સ્વાસ્થ્ય ખુબજ અગત્યનું ચલ છે. દેશમુખ(,2013પૃ45.)ના મતે માનસિક સ્વાસ્થ્ય એટલે વ્યક્તિનું માનસિક સંતુલન, સંતુલિત વ્યવહારો તેમજ આવેગો પર નિયંત્રણ રાખવું તે. તે વ્યક્તિને તાણ, ચિંતા અને હતાશા પર કેવી રીતે નિયંત્રણ રાખવું અને ઉત્પાદકીય કાર્યો કરવા માટે સક્ષમ બનાવે છે. વિદ્યાર્થીના શિસ્ત માટે બહારથી નિયંત્રણ લાદવાની જરૂર નથી. લાદેલી શિસ્ત તેના વર્તનમાં આક્રમકતા અથવા પીછેહઠ લાવે છે. પોતાની જાતે નિયંત્રણ લાવવા માટે માત્ર માર્ગદર્શન પૂરું પાડવું તે સારું માનસિક સ્વાસ્થ્ય પ્રાપ્ત કરવાનો શ્રેષ્ઠ માર્ગ છે. સારા માનસિક સ્વાસ્થ્યના કારણે બાળકની શૈક્ષણિક સિદ્ધિમાં નોંધપાત્ર સુધારો અથવા વધારો થાય છે. તેથી સંશોધકે પ્રસ્તુત શોધપત્ર દ્વારા કૌટુંબિક પ્રકાર, સામાજિક સંવર્ગ અને શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં ઉચ્ચતર માધ્યમિક શાળાના ધોરણ-11ના વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્યનો અભ્યાસ હાથ ધર્યો હતો.

## • માનસિક સ્વાસ્થ્ય

માનસિક સ્વાસ્થ્ય એ માનસિક સુખાકારીનું સ્તર અથવા માનસિક બીમારીની ગેરહાજરી છે. તે વ્યક્તિના ભાવનાત્મક અને વાર્તનિક સમાયોજનને સંતોષકારક બનાવે છે. અસરકારક અધ્યયન-અધ્યાપન માટે શિક્ષક અને અધ્યેતાનું માનસિક સ્વાસ્થ્ય યોગ્ય હોવું આવશ્યક છે.માનસિક સ્વાસ્થ્ય વ્યક્તિને પોતાની વાસ્તવિક ક્ષમતાનું ભાન કરાવે છે. Pua (2015)ના સંશોધનના તારણો દર્શાવે છે કે, માનસિક સ્વાસ્થ્યની સમસ્યાઓ (ચિંતા, તાણ, હતાશા) શૈક્ષણિક સિદ્ધિને અસર કરે છે. Lisa (2013) જણાવે છે કે, સારા માનસિક સ્વાસ્થ્ય માટેનું રહસ્ય, સ્વ-નિયમન છે, જેનાથી વ્યક્તિને પોતાના સંવેગો પર કાબૂ રાખી શકે છે.

## • સંશોધનના હેતુઓ

1. ઉચ્ચતર માધ્યમિક શાળાના ધોરણ-11ના વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય અને શૈક્ષણિક સિદ્ધિ વચ્ચેનો સંબંધ તપાસવો.
2. ઉચ્ચતર માધ્યમિક શાળાના ધોરણ-11ના વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય પર તેમના જાતિ, કૌટુંબિક પ્રકાર, અને શૈક્ષણિક સિદ્ધિની અસર તપાસવી.

## • સંશોધનની ઉત્કલ્પનાઓ

**$H_{01}$** ઉચ્ચતર માધ્યમિક શાળાના ધોરણ-11ના વિદ્યાર્થીઓ દ્વારા માનસિક સ્વાસ્થ્ય માપદંડ

અને SSCનીપરીક્ષામાં મેળવેલ કુલ પ્રાપ્તાંકોની ટકાવારી વચ્ચે સાર્થક સહસંબંધ નહીં હોય.

$H_{02}$ ઉચ્ચતર માધ્યમિક શાળાના ધોરણ-11ના કુમાર અને કન્યાઓએ માનસિક સ્વાસ્થ્ય માપદંડ પર મેળવેલા સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

$H_{03}$ સંયુક્ત અને મૂળ કુટુંબના ઉચ્ચતર માધ્યમિક શાળાના ધોરણ-11ના વિદ્યાર્થીઓએ માનસિક સ્વાસ્થ્ય માપદંડ પર મેળવેલા પ્રાપ્તાંકોની સરાસરીઓ વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

- **શબ્દોની વ્યવહારૂ વ્યાખ્યા**

1. **માનસિક સ્વાસ્થ્ય**

પ્રસ્તુત સંશોધનમાં માનસિક સ્વાસ્થ્ય એટલે વિદ્યાર્થીઓએ ,પુરોહિત (2010) દ્વારા રચિત અને પ્રમાણિત 'માનસિક સ્વાસ્થ્ય માપદંડ' પર આપેલા પ્રતિચારને આધારે મેળવેલ કુલ પ્રાપ્તાંકો એટલે ઉચ્ચતર માધ્યમિક શાળાનાં વિદ્યાર્થીઓનું માનસિક સ્વાસ્થ્ય.

2. **શૈક્ષણિક સિદ્ધિ**

પ્રસ્તુત સંશોધનમાં ઉચ્ચતર માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા ધોરણ-11ના વિદ્યાર્થીઓનું ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલ ધોરણ-10 (S.S.C.)નું પરિણામ(ટકાવારી) પ્રસ્તુત અભ્યાસ માટે શૈક્ષણિક સિદ્ધિ હતી.

- **સંશોધન પદ્ધતિ**

પ્રસ્તુત સંશોધનમાં વર્ણનાત્મક સંશોધન પદ્ધતિ પૈકી સર્વેક્ષણ પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

- **સંશોધન ઉપકરણ**

પ્રસ્તુત સંશોધનમાં માહિતી એકત્રીકરણ માટે બે ઉપકરણોનો ઉપયોગ કરવામાં આવેલો હતો.જેની માહિતી નીચે મુજબ છે.

1. **માનસિક સ્વાસ્થ્ય માપદંડ**

ધોરણ-11ના વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્યની તપાસ કરવા માટે પુરોહિત (2010) દ્વારા રચિત અને પ્રમાણિત કરેલ 60 વિધાનો ધરાવતાં માનસિક સ્વાસ્થ્ય માપદંડનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ માપદંડ પાંચ ઘટકોમાં વિભાજીત હતો. જેમાં સ્વ-સંકલ્પના, સલામતી-અસલામતી , અનુકૂલન , નિયમિતતા અને સાંવેગિક સ્થિરતાનો સમાવેશ થયેલ હતો. માપદંડનો Test-retest method, Split-half method, Rulon formula અને Flanagan formula દ્વારા વિશ્વનીયતાઆંક અનુક્રમે 0.81, 0..84, 0.83 અને 0.84 તેમજ Congruent યથાર્થતતાઆંક 0.80 જેટલો હતો.

2. **વિદ્યાર્થીઓના SSC ગુણપત્રક**

શૈક્ષણિક સિદ્ધિના માપન માટે ધોરણ-11ના વિદ્યાર્થીઓનું ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલ ધોરણ-10ની પરીક્ષાનું પરિણામ (ટકાવારી)ને ધ્યાનમાં લેવામાં આવેલ હતી.

- **વ્યાપવિશ્વ અને નિદર્શની પસંદગી**

ગુજરાત રાજ્યમાં આવેલ અમદાવાદ જિલ્લાની ગુજરાતી માધ્યમની વર્ષ 2018-19ની 936 ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં ધોરણ-11ના વિદ્યાર્થીઓનો પ્રસ્તુત સંશોધનનાં વ્યાપવિશ્વમાં સમાવિષ્ટ કરવામાં આવેલ હતો. નિદર્શ પસંદ કરવા માટે સ્તરીકૃત ઝૂમખા નિદર્શ પ્રયુક્તિનો ઉપયોગ કરી કુલ 20 શાળાઓનાં 741 વિદ્યાર્થીઓની નિર્દશ તરીકે પસંદ કરવામાં આવ્યાં હતાં. જે અંતર્ગત 10 ગ્રામ્ય વિસ્તારની અને 10 શહેરી વિસ્તારની શાળાઓની નિદર્શ તરીકે પસંદગી કરવામાં આવી હતી અને વિસ્તાર દીઠ 5 સરકારી અને 5 ખાનગી શાળાઓની પસંદગી કરવામાં આવી હતી. ધ 407 કુમાર અને 334 કન્યા વિદ્યાર્થીઓ નમૂનામાં સમાવિષ્ટ હતાં.

- **માહિતીનું એકત્રીકરણ**

માહિતી એકત્રીકરણ માટે સૌ પ્રથમ સંશોધક વિનંતીપત્ર દ્વારા યાદચ્છિક રીતે પસંદ કરેલ ધોરણ-11નાઆચાર્ય શ્રીની પરવાનગી લેવામાં આવી હતી. ત્યારબાદ ધોરણ-11ના વિદ્યાર્થીઓને કેવી રીતે માપદંડમાં પ્રતિચાર આપવો તેની માહિતી ઉદાહરણ સાથે પૂરી પાડવામાં આવી હતી. માહિતી ભરાયા

બાદ સંશોધક દ્વારા પ્રતિચારિત માપદંડોનો સેટ એકત્રિત કરી ગોઠવવામાં આવ્યો હતો.વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિની નોંધ જે-તે શાળાના કાર્યાલય પાસેથી પ્રાપ્ત કરી જે-તે વિદ્યાર્થીના પ્રતિચારિત માપદંડના સેટમાં યોગ્ય જગ્યાએ નોંધ કરી લેવામાં આવી હતી.

- **માહિતીનું વિશ્લેષણ અને અર્થઘટન**

માહિતીનું વિશ્લેષણ કરવા માટે વર્ણનાત્મક$H_{01}$ અને અર્થઘટનાત્મક આંકડાશાસ્ત્રીય પ્રયુક્તિઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.વર્ણનાત્મક આંકડાશાસ્ત્રીય ગણતરીઓમાં મધ્યક, મધ્યસ્થ, બહુલક, પ્રમાણ વિચલન, કકુદતા, વિરૂપતા, તેમજ પ્રસારમાન ની ગણતરી કરવા કરવામાં આવ્યો હતો.જ્યારે ઉત્કલ્પનાઓના પરીક્ષણ માટે અર્થઘટનાત્મક આંકડાશાસ્ત્રીય પ્રયુક્તિઓમાં ટી-ટેસ્ટ, એફ-ટેસ્ટ અને કાર્લપિયર્સન "r"ની ગણતરી માટે JASP કમ્પ્યૂટર પ્રોગ્રામ અને MS-Excel કમ્પ્યૂટર કાર્યક્રમનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

પ્રસ્તુત સંશોધનનો પ્રથમ ઉદ્દેશ ઉચ્ચતર માધ્યમિક શાળાના ધોરણ-11ના વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય અને શૈક્ષણિક સિદ્ધિ વચ્ચેનો સંબંધ તપાસવા માટે રચાયેલી ઉત્કલ્પના અને તેની ચકાસણી નીચે મુજબની હતી.

**ઉચ્ચતર માધ્યમિક શાળાના ધોરણ-11ના વિદ્યાર્થીઓ દ્વારા માનસિક સ્વાસ્થ્ય માપદંડ અને SSC ની પરીક્ષામાં મેળવેલ કુલ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક સહસંબંધ નહીં હોય.**


આ ઉત્કલ્પનાની ચકાસણી માટે માનસિક સ્વાસ્થય માપદંડ અને SSC ની પરીક્ષામાં મેળવેલ કુલ પ્રાપ્તાંકો વચ્ચેનો સહસંબંધ તપાસવા કાર્લપિયર્સન સહસંબંધાક "r" ની ગણતરી કરવામાં આવી હતી.ઉત્કલ્પનાની ચકાસણીના પરિણામોનો સારાંશ સારણી-1માં રજૂ કરવામાં આવ્યો છે.

**સારણી- 1**

**માનસિક સ્વાસ્થ્ય અને શૈક્ષણિક સિદ્ધિ વચ્ચેનો સહસંબંધ**

| ચલ | વિદ્યાર્થીઓની સંખ્યા | સરાસરી | પ્રમાણ વિચલન | કાર્લ પિયર્સન સહસંબંધાંક | 0.05 કક્ષાએ સાર્થકતા |
|---|---|---|---|---|---|
| માનસિક સ્વાસ્થ્ય | 741 | 234.8 | 24.15 | 0.238 | સાર્થક છે. |
| શૈક્ષણિક સિદ્ધિ | 741 | 66.12 | 14.83 | | |

સારણી-1 જોતાં સ્પષ્ટ થાય છે કે બંને માપદંડો પર વિદ્યાર્થીઓ દ્વારા મેળવેલ પ્રાપ્તાંકો વચ્ચેના સહસંબંધનું મૂલ્ય 0.238 ($p < 0.05$) હતું, જે 0.05 કક્ષાએ 'r' ની સારણીય કિંમત 0.069 કરતાં વધુ હોવાથી સાર્થક હતું અને આ બે ચલો વચ્ચે હકારાત્મક સહસંબંધ જોવા મળ્યો હતો. તેથી શૂન્ય ઉત્કલ્પના ($H_{01}$) નો અસ્વીકાર થયો હતો.એટલે કે, ધોરણ-11નાવિદ્યાર્થીઓએ માનસિક સ્વાસ્થય માપદંડ અને SSC ની પરીક્ષામાં મેળવેલ કુલ પ્રાપ્તાંકો વચ્ચે હકારાત્મક સંબંધ જોવામળ્યો હતો. Best & Kahn (1995, p.308) ના મતે કાર્લ પિયર્સન સહસંબંધાક "r"નું મૂલ્ય (0.314) એ માનસિક સ્વાસ્થય અને શૈક્ષણિક સિદ્ધિ વચ્ચે હકારાત્મક સંબંધ દર્શાવતું હતું. જેનું અવલોકન આલેખ-1માં પણ જોઈ શકાય છે.



**આલેખ-1 માનસિક સ્વાસ્થ્ય માપદંડ અને શૈક્ષણિક સિદ્ધિ વચ્ચેનો સહસંબંધ**

પ્રસ્તુત સંશોધનના બીજા ઉદ્દેશ અંતર્ગત જાતિ ચલના સંદર્ભમાં રચવામાં આવેલી ઉત્કલ્પના નીચે મુજબની હતી.

**$H_{02}$ ઉચ્ચતર માધ્યમિક શાળાના ધોરણ-11ના કુમાર અને કન્યાઓએ માનસિક સ્વાસ્થ્ય માપદંડ પર મેળવેલા સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.**


આ ઉત્કલ્પનાની ચકાસણી માટે t-ગુણોત્તર વડે તફાવતની સાર્થકતા તપાસવામાં આવી હતી.જેની રજૂઆત સારણી-2માં કરવામાં આવી છે.

**સારણી-2**

**ઉચ્ચતર માધ્યમિક શાળાના ધોરણ-11ના કુમાર અને કન્યા વિદ્યાર્થીઓએ માનસિક સ્વાસ્થ્ય માપદંડ પર મેળવેલા પ્રાપ્તાંકોની સરેરાશ વચ્ચેના તફાવતની સાર્થકતા**

| જાતિ | સંખ્યા | સરેરાશ | પ્રમાણ વિચલન | પ્રમાણ ભૂલ | સ્વાતંત્ર્ય સંખ્યા | t-મૂલ્ય | 0.05 કક્ષાએ સાર્થકતા |
|---|---|---|---|---|---|---|---|
| કુમાર | 407 | 235 | 23.96 | 1.19 | 739 | 0.21 | સાર્થક નથી. |
| કન્યા | 334 | 234.6 | 24.42 | 1.34 | | | |

સારણી-2ને જોતા સ્પષ્ટ થાય છે કે ઉચ્ચતર માધ્યમિક શાળાના ધોરણ-11ના કુમાર અને કન્યા વિદ્યાર્થીઓએ માનસિક સ્વાસ્થ્ય માપદંડ પર મેળવેલા સરેરાશપ્રાપ્તાંકોના તફાવતની સાર્થકતા જાણવા t-ગુણોત્તરની ગણતરી કરવામાં આવી હતી.જેનું મૂલ્ય 0.21 [ df = 739, p =0.832] પ્રાપ્ત થયું હતું, જે 0.05 કક્ષાએ 't' ની સારણીય કિંમત 1.96 કરતાં ઓછી હોવાથી સાર્થક ન હતું.તેથી શૂન્ય ઉત્કલ્પના( **$H_{02}$**)નો અસ્વીકાર થયો ન હતો.જેનો એ અર્થ થાય છે કે,ઉચ્ચતર માધ્યમિક શાળાના ધોરણ-11ના કુમાર અને કન્યાઓએ માનસિક સ્વાસ્થ્ય માપદંડ પર મેળવેલા સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળ્યો ન હતો. એટલે કે ઉચ્ચતર માધ્યમિક શાળાની કુમાર અને કન્યા વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્યમાં સામ્યતા જોવા મળી હતી જે આલેખ – 2માં જોઈ શકાય છે.




**X અક્ષ: 1=સંયુક્ત**

**2=મૂળ**

**આલેખ-2 ઉચ્ચતર માધ્યમિક શાળાના ધોરણ-11ના કુમાર અને કન્યા વિદ્યાર્થીઓએ માનસિક સ્વાસ્થ્ય માપદંડ પર મેળવેલા પ્રાપ્તાંકોની સરેરાશ**

પ્રસ્તુત સંશોધનના ત્રીજા ઉદ્દેશ અંતર્ગત કુટુંબના પ્રકાર ચલના સંદર્ભમાં રચવામાં આવેલી ઉત્કલ્પના નીચે મુજબની હતી.

**$H_{03}$ સંયુક્ત અને મૂળ કુટુંબના ઉચ્ચતર માધ્યમિક શાળાના ધોરણ-11ના વિદ્યાર્થીઓએ માનસિક**

**સ્વાસ્થ્ય માપદંડ પર મેળવેલા સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.**

આ ઉત્કલ્પનાની ચકાસણી માટે સંયુક્ત અને મૂળ કુટુંબના ઉચ્ચતર માધ્યમિક શાળાના ધોરણ-11ના વિદ્યાર્થીઓએ માનસિક સ્વાસ્થ્ય માપદંડ પર મેળવેલા પ્રાપ્તાંકોની સરેરાશ,પ્રમાણ વિચલન,પ્રમાણ ભૂલ અને સ્વાતંત્ર્ય સંખ્યાની ગણતરી કરી તેના આધારે t-ગુણોત્તર વડે તફાવતની સાર્થકતા તપાસવામાં આવી હતી.જેની રજૂઆત સારણી-2માં કરવામાં આવી છે.

**સારણી-3**


**સંયુક્ત અને મૂળ કુટુંબના ઉચ્ચતર માધ્યમિક શાળાનાવિદ્યાર્થીઓએ માનસિક સ્વાસ્થ્ય માપદંડ પર મેળવેલા સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચેના તફાવતની સાર્થકતા**

| કુટુંબનો પ્રકાર | સંખ્યા | સરેરાશ | પ્રમાણ વિચલન | પ્રમાણ ભૂલ | સ્વાતંત્ર્યા સંખ્યા | t-મૂલ્ય | 0.05 કક્ષાએ સાર્થકતા |
|---|---|---|---|---|---|---|---|
| સંયુક્ત | 255 | 236.6 | 22.92 | 1.44 | 739 | 1.45 | સાર્થક નથી. |
| મૂળ | 486 | 233.9 | 24.75 | 1.12 | | | |

સારણી-3ને જોતા સ્પષ્ટ થાય છે કે સંયુક્ત અને મૂળ કુટુંબના ઉચ્ચતર માધ્યમિક શાળાના ધોરણ-11ના વિદ્યાર્થીઓએ માનસિક સ્વાસ્થ્યમાપદંડપર મેળવેલા પ્રાપ્તાંકોની સરેરાશ વચ્ચેના તફાવતની સાર્થકતા જાણવા t-ગુણોત્તરની ગણતરી કરવામાં આવી હતી.જેનું મૂલ્ય 1.45 [ df = 739, $p < 0.148$ ] પ્રાપ્ત થયું હતું, જે 0.05 કક્ષાએ 't' ની સારણીય કિંમત 1.96 કરતાં ઓછી હોવાથી સાર્થક ન હતું. તેથી શૂન્ય ઉત્કલ્પના(**$H_{03}$**)નો અસ્વીકાર થયો ન હતો.જેનો એ અર્થ થાય છે કે,સંયુક્ત અને મૂળ કુટુંબના ઉચ્ચતર માધ્યમિક શાળાના ધોરણ-11ના વિદ્યાર્થીઓએ માનસિક સ્વાસ્થ્ય માપદંડ પર મેળવેલા સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળ્યો ન હતો. એટલે કે સંયુક્ત અને મૂળ કુટુંબના ઉચ્ચતર માધ્યમિક શાળાના ધોરણ-11ના વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્યમાં સમાનતા હતી જે આલેખ – 3માં જોઈ શકાય છે.

**X અક્ષ: 1=સંયુક્ત**

**2=મૂળ**




**આલેખ-3 સંયુક્ત અને મૂળ કુટુંબના ઉચ્ચતર માધ્યમિક શાળાના ધોરણ-11ના વિદ્યાર્થીઓએ માનસિક સ્વાસ્થ્ય માપદંડ પર**

**મેળવેલા પ્રાપ્તાંકોની સરેરાશ**

- **તારણો**

1. માનસિક સ્વાસ્થય માપદંડ અને શૈક્ષણિક સિદ્ધિ વચ્ચે હકારાત્મક સંબંધ જોવા મળ્યો હતો.

2. ઉચ્ચતર માધ્યમિક શાળાની કુમાર અને કન્યા વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્યમાં સામ્યતા જોવા મળી હતી.
3. સંયુક્ત અને મૂળ કુટુંબના ઉચ્ચતર માધ્યમિક શાળાના ધોરણ-11ના વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્યમાં સમાનતા જોવા મળી હતી.

- **શૈક્ષણિક ફલિતાર્થો**

સમાજની સુખાકરી અને પ્રગતિ તેના સભ્યોના માનસિક સ્વાસ્થ્ય સાથે જોડાયેલી છે. માનસિક સ્વાસ્થ્ય વ્યક્તિને તેની જવાબદારીઓ અને હક્કો પ્રત્યે સભાન એવા સંતુલિત અને ઉપયોગી નાગરિક તરીકે વિકસવામાં મદદ કરે છે. તેથી કુટુંબ અને શૈક્ષણિક સંસ્થાઓમાં વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય જળવાઇ રહે તેવા પ્રયત્નો હાથ ધરવાં જોઈએ. જેથી માનસિક સ્વાસ્થય અને શૈક્ષણિક સિદ્ધિ વચ્ચેનો હકારાત્મક સંબંધ પણ ટકી રહે. સંશોધકોએ શિક્ષણ ક્ષેત્રે માનસિક સમસ્યાઓનો અભ્યાસ કરી માનસિક સ્વાસ્થ્યનો વધુ ને વધુ વિકાસ થાય તેવો પદ્ધિસરનો કાર્યક્રમ તૈયાર કરીને તેને સંશોધનની પ્રાયોગિક પદ્ધતિથી ચકાસવો જોઈએ.

## સંદર્ભ સૂચિ


Best, J.W. & Kahn, J.V. (1995).Research in Education (7th Ed.). Prentice Hall of India Private Limited, New Delhi.

JASP Team (2019). JASP (Version 0.9.0.1)(Computer **software**).Retrieved from https://jasp-stats.org/download/ dated on 4th June, 2019.

Pua, P.K., Lai, C.S., and Lee, M.F. (2017). Identifying Mental Health Elements among Technical University Students Using Fuzzy Delphi Method.IOP Conference Series: Materials Science and Engineering, vol. 226, pp. 012189 Retrieved from https://iopscience.iop.org/article/10.1088/1757-899X/226/1/012189/pdf dated on 30th January, 2019.

Lisa, T. (2013). Self-regulation is one of the secrets to good mental health. Retrieved from https://www.parentscanada.com/school/tweens/self-regulation-is-one-of-the-secrets-to-good-mental-health dated on 30th January, 2019.

ઉચાટ ,ડી.એ.(2009). શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પધ્ધતિશાસ્ત્ર.રાજકોટ : પારસ પ્રકાશન.

દોંગા,એન.એસ .(2010).શિક્ષણનું મનોવિજ્ઞાન (દ્વિતીય આવૃત્તિ).અમદાવાદ : નીરવ પ્રકાશન.704-703.

પારેખ,બી.ઉ.અને ત્રિવેદી.(2010). શિક્ષણમાં આંકડાશાસ્ત્ર (પાંચમી આવૃત્તિ).અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ.